# GUJARATI SUB-JUNIOR BOYS & GIRLS ( STD. IV & V )

## શિવ-ભાવે જીવ સેવા

જ્યાં સુધી લાખો મનુષ્યો ભૂખમરા અને અશિક્ષિત દશામાં રહે છે, તયાં સુધી એ ગરીબોને ભોગે શિક્ષણ પામીને જે માણસ તેમના પ્રત્યે જરા પણ ધ્યાન આપતો નથી , એવા દરેક દરેકને હું દેશદ્રોહી ગણું છું ! ગરીબોને પીસીને પોતાના તમામ પૈસા કમાનારા આવા લોકો જ્યાં સુધી આ કરોડો લોકો માટે કશું કરતા નથી , ત્યાં સુધી એવા લોકોને હું નરાધમ કહીશ !

તમામ ચીજોનો પ્રથમ ભાગ ગરીબોને આપો . આપણો હક્ક પાછળ બચેલા ઉપર જ રહે છે . સૌ પહેલી પૂજા આ વિરાટની પૂજા છે. જે આપણી ચારો બાજુ છે , તેની પૂજા કરો . આ માણસો અને પશુઓ જ આપણા દેવ છે ; અને તેમાંયે સર્વ પ્રથમ દેવ છે આપણાં પોતાના દેશબાંધવો .

આટલી તપશ્ચર્યા પછી હું ખરું સત્ય આ સમજ્યો છું કે દરેક જીવમાં ઈશ્વર છે . જે જીવની સેવા કરે છે તે જ ઈશ્વરની સેવા કરે છે .

જગતના કલ્યાણ માટે શરીર , મન અને વાણી અર્પણ કરી દો . તમે વાંચ્યું છે : માતૃદેવો ભવ' , 'પિતૃદેવો ભવ' . પણ હું કહું છું........'દરિદ્રદેવો ભવ' , 'મૂર્ખદેવો ભવ' .......ગરીબને , અભણને , અજ્ઞાનીને , દુઃખીને ઈશ્વર માનો . આવા લોકોની સેવા એ જ પરમ ધર્મ છે .

# GUJARATI JUNIOR BOYS & GIRLS ( STD. VI & VII )

## તમે જ તમારા ભાગ્યવિધાતા

આ જીવન એક નક્કર હકીકત છે , ભલે તે વજ્રકઠોર હોય પરંતુ આત્મા વધુ બળવાન છે . વેદાંત દેવી-દેવતાઓ ઉપર કશી જવાબદારી નથી નાખતું . તમારા ભાગ્યવિધાતા તમે જ છો . તમારી જાતને દુઃખી કરનાર તમે જ છો , શુભાશુભના કરનાર તમે જ છો .

જેઓ બીજાને દોષ દે છે તેઓના મગજ નબળાં પડી જાય છે અને તેઓ દુઃખી થાય છે . તેઓ પોતાની જ ભૂલોથી એ દશાએ પહોંચ્યા હોય છે અને છતાં દોષનો ટોપલો બીજાઓને માથે ઓઢાડે છે . પણ એથી તેમને કંઈ લાભ નથી થતો . ઉલ્ટા તેઓ વધુ નબળાં થાય છે.

માટે તમારા પોતાના જ દોષને માટે અન્ય કોઈનો વાંક કાઢો નહિ ; તમારા પોતાના પગ પર ઉભા થઈ બધી જવાબદારી પોતાને માથે લો . એમ બોલો કે " જે આ દુઃખ હું ભોગવું છું તે મારી પોતાની જ કરણીનું ફળ છે , અને એનો ઉપાય મારે એકલાએ જ કરવો પડશે . " જે આપણે સર્જ્યું તેનો નાશ આપણે કરી શકીયે . માટે ખડા થાઓ , હિંમતવાન બનો , બધી જવાબદારી પોતાને શિરે ઓઢી લો અને સમજો કે તમારા નસીબના ઘડનારા તમે પોતે જ છો . માટે તમારું ભાવિ તમે પોતે જ ઘડો .

GUJARATI SENIOR BOYS & GIRLS (STD-VIII & X)

# સાચી દેશભક્તિ

(મહાન સિદ્ધિઓને માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે : પ્રથમ, હૃદયમાં લાગણી; તમને લાગણી છે ? કરોડોની સંખ્યામાં રહેલા દેવોના અને ઋષિમુનિઓના વંશજો પશુત્વની નજીક પહોંચી ગયા છે; તમને એ માટે દિલમાં લાગણી થાય છે ? આજે લાખો લોકો ભૂખે મરી રહ્યા છે અને લાખો લોકો યુગોથી ભૂખમરો સહન કરતા આવ્યા છે, તેને માટે તમારા દિલમાં કાંઈ થાય છે ? ... તમને એ બેચેન બનાવે છે ? તેનાથી તમારી ઊંઘ હરામ થઈ ગઈ છે ? તમારા લોહીમાં પ્રવેશીને, તમારી નસોમાં વહીને તમારા હૃદયના ધબકારા સાથે તે એક તાર બની ગઈ છે ? એણે તમને પાગલ જેવા કરી મૂક્યા છે ખરા ? આ સર્વનાશી દુઃખના એકમાત્ર વિચારે તમને ભરખી લીધા છે ખરા ? એને માટે તમે તમારું નામ, તમારો યશ, તમારી કીર્તિ, તમારી પત્ની, તમારાં બાળકો, તમારી સંપત્તિ, તમારી માલ-મિલકત, અરે તમારો દેહસુદ્ધાં વીસરી બેઠા છો ખરા ? તમે આ અનુભવ્યું છે ? દેશપ્રેમી થવાનું પહેલું પગથિયું આ છે. તમે તેનો કોઈ ઉપાય શોધી કાઢ્યો છે ? તિરસ્કારને બદલે કંઈક સહાય, લોકોનાં દુઃખો હળવાં કરવાને માટે મીઠાશભર્યાં વચનો, આ જીવતા નરકમાંથી તેમને બહાર કાઢવા માટેનો કોઈ વ્યવહારુ ઉકેલ તમને જડ્યો છે ? હજુય આ પૂરતું નથી. મુશ્કેલીઓના પર્વતોને પાર કરવાની અદમ્ય ઈચ્છા તમારામાં છે ? હાથમાં ખડ્ગ લઈને આખી દુનિયા તમારી સામે ઊભી રહે, તો ય તમને સાચું લાગે તે કરવાની તમારામાં હિંમત છે ? મક્કમતાપૂર્વક તમારા ધ્યેય તરફ, તમે આગળ વધશો ખરા ? ... તમારામાં આવી દૃઢ સંકલ્પશક્તિ છે ? જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે અદ્‌ભુત કાર્યો સિદ્ધ કરી શકશો.)